# વ્યસનમુક્તિ

વાર્તા: આપણી ટુકડી ઝિંદાબાદ
લેખક: ગોવિંદ દરજી 'દેવાશું'

ઉત્કર્ષ, પલ, વાચા, ઘનશ્યામ બધાં જ બાળકો શાળામાં ભણે. એ બધાં જ બાળકો ખૂબ જ આજ્ઞાંકિત, માયાળુ અને શિસ્તપાલનમાં અવ્વલ સ્થાન ધરાવે.
તેમની શાળાનું નામ 'સર્વોદય વિદ્યામંદિર'. તેમની શાળામાં વર્ષ દરમ્યાન આવતા બધા જ ડે (દિવસો)ની ઉજવણી કરવામાં આવતી.
"વ્યસનમુક્તિ દિન "ની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી. એ દિવસના છ-સાત દિવસ અગાઉ આ દિવસની તૈયારીઓ કરવામાં આવી હતી.
ને "વ્યસનમુક્તિ દિન"ની ઉજવણીનો આરંભ વહેલી સવારથી જ કરવામાં આવ્યો. વિવિધ પ્રકારના સૂત્રોના બૅનર્સ બનાવવામાં આવ્યાં હતાં. પ્રભાતફેરીથી જ તેનો આરંભ થયો.
ગામમાં તો ઘણા લોકો દારૂ પીવે, હોકા પીવે, બીડી પીવે.
ઉત્કર્ષ, પલ, રૂચા, ઘનશ્યામ વગેરે બાળકો ગામમાં ઘેર ઘેર ગયાં. ગણપતકાકા, હીરાકાકા, મનુકાકા, કનુકાકા વગેરે જેવા વડીલો આખો દિવસ ભેગા થાય ને વારાફરતી હોકા પીધે જ રાખે.
ને પાંચ-સાત બાળકોની ટોળી સીધી જ ગણપતકાકાના ઘેર ગઈ. પેલા હુકા ચાલુ હોવાને કારણે ત્યાં ધૂણી દેખાતી હતી. હોકામાંથી અવાજ આવતો હતો. ટરરરર.....ટરરરર.
બાળકોની ટોળીએ સૌ પ્રથમ વડીલોને વંદન કર્યા. હોકો પીવાનો ચાલુ..... મોઢામાંથી નીકળતી ધૂણી..... વડીલોનું જાણે કે આ મોટું કામ. ઘનશ્યામે કહ્યું, "દાદાઓ, અમે તમને વંદન કરવા આવ્યા છીએ. તમને મળવા આવ્યા છીએ. થોડીવાર માટે હોકા બંધ કરશો તો અમે બધા તમારા આભારી થઈશું અને અમને આનંદ થશે.
તરત જ હોકા બંધ થયા. ધૂણી પણ બંધ થઈ ગઈ. વાચાએ કહ્યું, "અમારા દાદાઓ, તમે હવે અમારી વાતો સાંભળશો તો આનંદ થશે. અમે ભલે તમારા કરતાં ખૂબ જ નાના રહ્યાં, પરંતુ આજે તો તમારે અમારી વિનંતી સાંભળવી જ પડશે."
વડીલોના ટોળાને નવાઈ લાગી. એવી તે કઈ વાત હશે?
પલે કહ્યું, "દાદાઓ, તમે બધા અમારા માટે પૂજનીય છો. અમે તમારાથી નાના છીએ, નાના હોય તેમણે વડીલો આગળ બોલવું ન જોઈએ. પરંતુ અમે આપને હાથ જોડીને કહેવાના છીએ."
"શું વાત છે દીકરા? જે કહેવાનું હોય તે કહો" ગણપતકાકાએ કહ્યું.

"વાત એમ છે કે તમે વડીલો આખો દિવસ હોકો પીધા કરો છો. તે સ્વાસ્થ્ય માટે સારું નહિ."
વળી ઉત્કર્ષે કહ્યું, "તમારામાંના ઘણા આખો દિવસ બીડી પીધા કરો છો તે પણ સારા માટે નથી. તમાકુ આરોગ્યને નુકસાન પહોંચાડે છે. તમાકુ આરોગ્યને માટે નુકસાનકારક છે."
"અરે, તમાકુ જ નહિ, દારૂ, ગાંજો, ચરસ, વગેરેનું પણ સેવન કરવું એ પણ ફાયદાકારક નથી. એ બધા જ વ્યસનના મિત્રો છે." વચ્ચે જ ઘનશ્યામે કહ્યું.
પેલો વડીલવૃંદ શરમાઈ ગયું. મનમાં ઘણાને તો થયું પણ ખરું, "ખરેખર, આ તો માથું નાનું અને પાઘડી મોટી" જેવી જ વાત થઈ ને?
ઉંમર નાની પણ કામ મોટું. ઉંમર નાની પણ વિચાર ઊંચા, ઉંમર નાની પણ આચરણ ઊંચા.



વાચાએ પૂજ્ય રવિશંકરદાદાની વાત કરી. બે-ચાર વડીલો તો બોલી પણ ઊઠ્યા. "અમે તો 'મહારાજ'નાં દર્શન પણ કરેલાં."
વાચા તરત જ સમજી ગઈ કે પૂજ્ય 'દાદા' વિષે બધા જાણતા હોવા જ જોઈએ. પૂજ્ય રવિશંકરદાદાને બધા 'મહારાજ' તરીકે ઓળખતા. આમાંના ઘણાખરા તેમના જીવન વિષે જાણતા હોવા જ જોઈએ.
ને પછી તો 'દાદા'ની વાત ચાલી.

તેમણે જીવનમાં કદી પણ વ્યસન કરેલું જ નહિ. ખાદીનાં કપડાં પહેરતા. સાવ સાદું જીવન જીવતા. ગાંધીજીના તેઓ સાચા ‘ચેલા’ હતા.

હીરાકાકાએ તો કહ્યું પણ ખરું, “ખેડા જિલ્લાની બારૈયા-ઠાકોર કોમના ભલા માટે તેમણે કામ કર્યું. તેમના કલ્યાણ માટે તેમણે જાત ઘસી નાંખી, તેઓ કહેતા હતા ‘ઘસાઈને ઊજળા થઈએ.’ તેઓ ખરેખર મહામાનવ જ હતા.”

બાળકોની ટોળી સમજી ગઈ.

હવે વધારે લાંબી વાત કરવાની કોઈ જ જરૂર નથી.

બધા વડીલો-દાદાઓ જાણે કે સાનમાં સમજી ગયા.

બાળકોની ટોળીના આનંદનો કોઈ જ પાર નહિ. પાર વગરનો આનંદ.

ત્યારબાદ એ વડીલોએ બાળકોને આવા કલ્યાણકારી કામો કરવા બદલ આશિશ આપી. તેમજ મદદ પણ આપી ને ત્યારબાદ કામ ખૂબ જ સારી રીતે આગળ ધપ્યું. ને સફળતા પણ મળી.

ચારેય બાળકોના દાદાજી તે રાયજીભાઈ અને દાદીમા તે રમાબહેનની ખુશીનો કોઈ જ પાર નહિ. ચારેય બાળકોના પપ્પા-મમ્મી તે દિનેશભાઈ-દક્ષાબહેન અને શૈલેશભાઈ-મીનાબહેનને પણ ગૌરવ થયું.

હવે તો જમાનો બદલાયો છે. સમય સાથે કદમ મિલાવવા પડશે એવું તે વડીલો બરાબર સમજે છે.

વ્યસનમુક્તિ ઉપરાંત વૃક્ષારોપણ, ભૃણહત્યા સામે ઝુંબેશ, પર્યાવરણની જાળવણીના ઉપાયો વગેરે માટે કામ કરે છે.

સમયે સમયે ગ્રામસફાઈનું પણ આયોજન કરે છે, નિર્મળ ગુજરાત માટે તો સૌ પ્રથમ પોતાના ગામથી જ શરૂઆત કરે છે.

તેનાથી બીજો વધુ આનંદ ક્યો હોઈ શકે?

▪